# પ્રેસનોટ

જુગારનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ

રોકડા નાણા રૂપિયા ૨૫૫૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૫ કિ.રૂ.૩૩,૦૦૦/- સાથે કુલ્લે રૂપિયા ૫૮૫૦૦/- સાથે છ ઇસમો ઝડપાયા

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા ઝોન-૦૫ સાહેબશ્રીની સુચના મુજબ તેમજ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૦/૦૮/૨૦૧૯ ના રોજ રામોલ પો.સ્ટે. ના પો.સ.ઇ. એ.ઓ.ભરવાડ સાહેબ તથા પો.સ.ઇ. એ.બી.ચૌધરી સાહેબ તથા અ.હે.કો. બળદેવસિંહ બાલુસિંહ બ.નં.૭૭૯૫ તથા અ.લોકરક્ષક રસિકભાઇ શંકરભાઇ બ.નં.૧૨૧૧૮ તથા સ્ટાફના બીજા માણસો સાથે દારૂ જુગારની પ્રવૃતી અટકાવવા સારૂ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.સ.ઇ. એ.ઓ.ભરવાડ સાહેબ નાઓની બાતમી આધારે વસ્ત્રાલ ઉમિયા ડુપ્લેક્સ મ.નં. એ/૦૮ ધર્મેશભાઇ કૌશિકભાઇ પટેલ ના કબ્જાના મકાનની અંદર પંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.(૧) ધર્મેશભાઇ કૌશિકભાઇ પટેલ ઉ.વ.૩૨ ધંધો.વેપાર રહે.મ.નં.એ/૦૮ ઉમિયા ડુપ્લેક્સ સ્વામિનારાયણ ગુરૂકુળ પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા નં.(૨) ભરતકુમાર હરીભાઇ પટેલ ઉ.વ.૪૬ ધંધો.વેપાર રહે.બી/૧૮ કર્મયોગ પાર્ક મહાદેવનગર વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા નં.(૩) હરેશકુમાર વિષ્ણુભાઇ પટેલ ઉ.વ.૨૫ ધંધો.ડ્રાઇવીંગ રહે.બી/૫૬ કર્મયોગપાર્ક મહાદેવનગર વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા નં.(૪) સુમનકુમાર બળદેવભાઇ પટેલ ઉ.વ.૩૪ ધંધો.ગૃહ ઉદ્યોગ રહે.મ.નં.૬૫ બંસીધર પાર્ક શુકન બંગ્લોઝ ચાર રસ્તા નિકોલ અમદાવાદ શહેર તથા નં.(૫) સુનિલકુમાર બાબુભાઇ પટેલ ઉ.વ.૩૬ ધંધો.નોકરી રહે.સી/૧૦ નંદનવન રો-હાઉસ ગુરૂકુળ સ્કુલની બાજુમાં વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા નં.(૬) ધર્મેશભાઇ કરશનભાઇ પંચાલ ઉ.વ.૩૭ ધંધો.સુથારીકામ રહે.બી/૫૪ કર્મયોગપાર્ક સ્વામિનારાયણ ગુરૂકુળ સ્કુલની બાજુમાં વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હાર જીતનો અંદર બહારનો જુગાર રમતા રોકડા રૂપિયા ૨૫૫૦૦/- તથા ગંજી પાના નંગ-૫૨ તથા મોબાઇલ ફોન નંગ-૦૫ કિ.રૂ.૩૩,૦૦૦/- સાથે કુલ્લે રૂપિયા ૫૮૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરૂધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.